**ઈ-મેઈલ**

ક્રમાંક: ઘ/માધ્ય/પરચ/૨૦૨૩/૩૩૨૨-૫૫

કમિશનર શાળાઓની કચેરી,
૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગુ.રા., ગાંધીનગર
તા.૨૮ /૦૨/૨૦૨૩

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
તમામ.

વિષય : જલ શકિત અભિયાન ૨૦૨૩ બાબત.
સંદર્ભ : શિક્ષા મંત્રાલય, ભારત સરકારના D.O.No.27-4/2021-IS-9/IS-10,
તા.૨૩/૦૨/૨૦૨૩

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, ભારત સરકારના જલ સંસાધન વિભાગ દ્વારા
૦૪ માર્ચ ૨૦૨૩ થી 'સ્વચ્છ સુજલ શક્તિ સમ્માન' ની સાથે 'જલ શકિત અભિયાન ૨૦૨૩' શરૂ કરવામાં
આવનાર છે, જે ૦૮ માર્ચ ૨૦૨૩ ના આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની પ્રસ્તાવના રૂપે છે. જે અંતર્ગત દેશના
વિવિધ રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશોમાં જળ અને સ્વચ્છતા ક્ષેત્રે સિદ્ધિ મેળવનાર મહિલાઓને સમ્માનિત કરાશે.
જેમાં માનનીય રાષ્ટ્રપતિશ્રી ઉપસ્થિત રહેનાર છે.

પાણીનો બચાવ અને જળ સંરક્ષણની જરૂરિયાતને વિદ્યાર્થીઓ સમજે તે અગત્યનું છે. જે માટે
શાળાઓએ ક્વિઝ, ડિબેટ સ્પર્ધા, સ્લોગન/પોસ્ટર/બેનર/વોલ રાઈટિંગ જેવી વિવિધ પ્રવૃત્તિઓ થકી
વિદ્યાર્થીઓને જળ સંરક્ષણ માટે પ્રોત્સાહિત કરવા. ઉપરાંત, જળ સંરક્ષણ વિદ્યાર્થીઓના દૈનિક જીવનનો ભાગ
બને તે માટે શાળાઓ દ્વારા વિવિધ અનુભવાત્મક લર્નિંગ પ્રેક્ટિસ પણ કરવામાં આવે તે ઈચ્છનીય છે. જે
અન્વયે જલ શક્તિ અભિયાન અંતર્ગત જળ સંરક્ષણ અંગેની વિવિધ પ્રવૃત્તિઓ માટે શિક્ષકો અને આચાર્ય
દ્વારા વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા અને સામેલ પત્રની વિગતે વધુમાં વધુ વિદ્યાર્થીઓ આ અભિયાનમાં
જોડાય તે માટે આપની કક્ષાએથી તાબાની તમામ શાળાઓને જરૂરી સૂચના આપવા જણાવવામાં આવે છે.

સંયુક્ત શિક્ષણ નિયામક

---

જા.નં./મા-૨/ પરિપત્ર /૨૦૨૩/ 2385

જિ.શિ.અ.કચેરી
સુરત
તા.૦૨/૦૩/૨૦૨૩

પ્રતિ,
આચાર્યશ્રી
સુરત જિલ્લાની તમામ પ્રાથમિક,માધ્યમિક અને
ઉ.માધ્યમિક ગ્રાન્ટેડ/નોન ગ્રાન્ટેડ શાળાઓ

જાણ તથા અમલ થવા સારું.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત જિ સુરત

Scanned with CamScanner